૯૦ / ૫૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. અંતઃકરણ જીત્યાનો ઉપાય : લોયા-૫ ને આધારે.
૨. પરીક્ષિતના સંશયના દૃષ્ટાંતે નિર્દોષબુદ્ધિનું નિરૂપણ.
૩. પતિવ્રતાના દૃષ્ટાંતે ભક્તિની ઉત્કૃષ્ટતા.
૪. ભારે ધનાઢ્ય તથા કૂતરાના દૃષ્ટાંતે પંચવિષયનું ખંડન.
૫. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'દેહાભિમાન રૂપ..................... ગુણ માત્ર આવે છે.'
૨. 'એક તો દ્રવ્યાદિકનો .................. સુખ તો ક્યારે થાય નહીં.'
૩. 'જેને પોતાનું કલ્યાણ ............ તેના પણ દાસાનુદાસ થઈને રહેવું.'
૪. 'જેમ સોનાનો દોરો ................... તે જ અમારી નાત છે.'
૫. 'વૈરાગ્ય, સ્વધર્મ ....................... મન જીતાય છે.'

**(ક) નીચેના કોઈ પણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો :** ૪

(૧) ગુણ - અવગુણ.
(૨) સંતની સેવા.





**('સનાતન ધર્મ અભિગમ'ને આધારે)**

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. પૂર્વ જન્મ : વિશ્વધર્મની માન્યતા અને પાશ્ચાત્ય અવિશ્વાસ.
૨. બ્રહ્મચર્યનાં આદર્શ ઉદાહરણો : સાંપ્રદાયિક તથા પરોક્ષ.
૩. દારૂ તથા માંસાહાર વર્જ્ય શા માટે ?

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ગરીબનિવાજ ભગવાન સ્વામિનારાયણ.
૨. શ્રીહરિની મંદવાડ લીલા : માનુષ તથા દિવ્ય વ્યક્તિત્વ.
૩. 'દાદો એ દાદો!' શ્રીહરિના વત્સલ ઉદ્ગારનાં કારણો !

**(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિષે ટૂંકનોંધ લખો.** ૨૦

૧. શેખજીનો ઉન્માદ.
૨. કુળ રે તજી, નિષ્કુળ થયા !
૩. આ અમારા તિલક.
૪. ભાવનગર દરબારને શ્રીહરિનો સદ્ભાવ.

✿ ✿ ✿